# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ભારતીય સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચેનો સંબંધ મજબૂત સાંસ્કૃતિક સંબંધ છે.
- ✓ કેન્દ્ર સરકારે ઇશાન ભારતને વિકાસના આયોજનમાં કેન્દ્રમાં રાખ્યું હોવાથી છેલ્લા 10 વર્ષમાં અહીં ઝડપી વિકાસ થયો હોવાનું જણાવતાં શ્રી અમિત શાહ.
- ✓ ગુજરાતના નવસારીના કૃષિ ટેક્સટાઇલ નિદર્શન કેન્દ્રનો આજથી આરંભ થયો છે.
- ✓ પ્રધાનમંત્રીએ ગુજરાતના કચ્છ જીલ્લાના રણોત્સવને કચ્છની પરંપરા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક ગણાવ્યું છે.
- ✓ પશ્ચિમ ભારત સ્ક્વોશ સ્પર્ધાની આવતીકાલે રમાનારી ફાઇનલમાં ભારતની આકાંક્ષા સાળુંકે અને અનાહત સિંહ વચ્ચે મુકાબલો થશે.
- ✓ ભારત અને વેસ્ટ ઈન્ડિઝની મહિલા ક્રિકેટની ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની  પ્રથમ મેચ આવતીકાલે ગુજરાતના વડોદરામાં રમાશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# REV. PM-KUWAIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ભારતીય સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચેનો સંબંધ મજબૂત સાંસ્કૃતિક સંબંધ છે. તેમણે વધુમાં કહ્યું કે,

## (બાઇટ- પીએમ મોદી)

બે દિવસની સત્તાવાર મુલાકાતે આજે કુવૈત પહોંચેલા પ્રધાનમંત્રીએ આજે કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી છે અને ત્યાં કામ કરતાં કર્મચારીઓ અને શ્રમિકો સાથે સંવાદ કર્યો છે. અગાઉ, કુવૈત વિમાનમથકે કુવૈતના નાયબ પ્રધાનમંત્રી શેખ ફહાદ યુસુફ સૌદ અલ સબાહ અને અન્ય મંત્રીઓએ શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું.. શ્રી મોદી રામાયણ અને મહાભારતનો અરેબિક ભાષામાં અનુવાદ કરનાર અબ્દુલ લતિફ અલ નેસફને મળ્યા હતા.

# EVE SHAH- NEC

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે ઇશાન ભારતને વિકાસના આયોજનમાં  કેન્દ્રમાં રાખ્યું હોવાથી છેલ્લા દસ વર્ષમાં અહીં ઝડપી વિકાસ નોંધાયો છે અને શાંતિની સ્થાપના પણ થઇ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ત્રિપુરાના અગરતલામાં યોજાયેલી ઇશાન ભારત પરિષદની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઇશાન ભારતના વિકાસ વિભાગના મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની અસરકારક

નિતીના કારણે ઇશાન ભારતના કેટલાક વિસ્તારોમાં હિંસા અને ઉગ્રવાદની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## GUJ-AGRO-TEXTILE

ગુજરાતના નવસારીના કૃષિ ટેક્સટાઇલ નિદર્શન કેન્દ્રનો આજથી આરંભ થયો છે. કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે આ કેન્દ્રનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતું કે, પાક ઉત્પાદન વધારવા, સ્ત્રોતોનું જતન કરવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવામાં કૃષિ ટેક્સટાઇલ ક્ષેત્રની ભૂમિકા મહત્વની છે. તેમણે ખેડૂતોને આ કેન્દ્રની મુલાકાત લઇને કૃષિ ઉત્પાદન વધારવાની પધ્ધતિ સમજવા અનુરોધ કર્યો હતો.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, કેન્દ્રીય કાપડ મંત્રાલયે સિન્થેટીક અને આર્ટ સિલ્ક મીલ સંશોધન સંગઠનના સહકારમાં નવસારી ખાતેના  કેન્દ્રના રચના કરી છે.

## GUJARAT- RANN UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ જીલ્લામાં યોજાઇ રહેલ રણોત્સવને કચ્છની પરંપરા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક ગણાવીને લોકોને આ ઉત્સવ માણવા કચ્છની મુલાકાતે જવા અનુરોધ કર્યો છે. સોશિયલ મિડિયા ઉપર પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, આ રણોત્સવ મુલાકાતીઓને અવિસ્મરણીય અનુભવ કરાવશે તેમજ કચ્છની સંસ્કૃતિ અને આતિથ્ય ભાવનાનો પરિચય કરાવશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટે રણોત્સવ અંગે આ મુજબ જણાવ્યું છે...

(વોઇસકાસ્ટ- અપર્ણા ખૂંટ- સંવાદદાતા)

# MEDITATION DAY - WORLDWIDE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધ્યાનને દૈનિક જીવનનો ભાગ બનાવવા બધા નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે આજે વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે સોશિયલ મિડિયા ઉપર આપેલા સંદેશામાં ધ્યાન વ્યક્તિના જીવનમાં શાંતિ અને સુમેળ લાવવા માટેનું મહત્વનું માધ્યમ છે.

ઉલ્લેખનીય છે કે, આજે પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘ તેમજ સમગ્ર દેશમાં ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રસંઘમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે વ્યક્તિના આંતરિક શાંતિ માટે પ્રાચીન ભારતીય પરંપરાનું ધ્યાન કેવી રીતે ઉપયોગી છે, તે સમજાવ્યું હતું.

લાયોસ, નેપાળ, સાઓ પાઓલોના સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રીલંકા, ભૂટાન, સહિત વિવિધ સ્થળોએ ધ્યાન સત્ર અને પ્રાસંગિક પ્રવચનો દ્વારા ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી છે.

# REV EVE SQUASH - WESTERN INDIA

પશ્ચિમ ભારત સ્ક્વોશ સ્પર્ધાની આવતીકાલે રમાનારી ફાઇનલમાં ભારતની આકાંક્ષા સાળુંકે અને અનાહત સિંહ વચ્ચે મુકાબલો થશે. આજે રમાયેલી મહિલાઓની સિંગલ્સની પહેલી સેમીફાઇનલમાં આકાંક્ષાએ ઇજિપ્તની જેના સ્વૈફીને 4-1 થી પરાજય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સ્પર્ધાની બીજી સેમીફાઇનલ ભારતની અનાહત

સિંહે ઇજિપ્તની નોર ખફાગી સામે 4-1થી વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# WOMEN'S CRICKET

ભારત અને વેસ્ટ ઈન્ડિઝની મહિલા ક્રિકેટની ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની  પ્રથમ મેચ આવતીકાલે ગુજરાતના વડોદરામાં રમાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

ટી-ટ્વેન્ટી શ્રેણીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપમાં ભારતીય ટીમ આ શ્રેણી જીતવા પ્રયત્ન કરશે. મંધાનાએ T-20 શ્રેણીમાં સતત ત્રણ વાર 50 થી રન બનાવ્યા છે.

# U-19 WOMEN'S ASIA CUP

મહિલા ક્રિકેટમાં વીસ ઓવરની એશિયા કપ અંડર- 19 ની આવતીકાલે ક્વાલાલમ્પુરમાં રમાનારી ફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાત વાગ્યે શરૂ થશે.

ભારતે ગઈકાલે સુપર 4 મેચમાં શ્રીલંકાને ચાર વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 20 ઓવરમાં 9 વિકેટે 98 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે 14 ઓવર અને 5 બોલમાં જ લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો હતો. સુપર 4 ની અન્ય એક મેચમાં બાંગ્લાદેશે નેપાળને નવ વિકેટે હરાવ્યું હતું.

# ISSF JUNIOR WORLD CUP-INDIA

ભારતમાં ISSF જુનિયર વિશ્વકપ શૂટિંગ સ્પર્ધા આવતા વર્ષે યોજાશે. રાષ્ટ્રીય રાઇફલ સંગઠને જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધાનું યજમાન પદ ભારતને મળવાથી રમત જગત ક્ષેત્રે ભારતનું ગૌરવ વધ્યું છે. જો કે, આ સ્પર્ધાના આયોજનની તારીખ હજી નક્કી થઇ નથી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભારતને આંતરરાષ્ટ્રીય કક્ષાની શૂટીંગ સ્પર્ધા યોજવાનું બહુમાન ત્રીજી વખત મળશે.

## EVE. GST MEETING-JAISALMER

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના અધ્યક્ષપદે આજે રાજસ્થાનના જેસલમેરમાં યોજાયેલી વસ્તુ અને સેવા કર- GST પરિષદની બેઠક આજે પૂર્ણ થઇ છે. આ બેઠકમાં GST વેરાના વિવિધ સ્લેબ અંગે મહત્વની ચર્ચા થઇ છે. ગોવા, હરિયાણા સહિત પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓ, ચાર રાજ્યોના ઉપમુખ્યમંત્રીઓ અને અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

## MUMBAI-BOAT COLLISION

મુંબઇ નજીકના દરિયામાં શોધ અને બચાવ કાર્ય કરતી ટુકડીને સાત વર્ષના બાળકનો મૃતદેહ મળી આવતાં ગયા બુધવારે થયેલા નૌકા દુર્ઘટનામાં મૃત્યુ પામનારનો આંક વધીને 15 થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરીને મૃત્યુ પામનારના પરિવારજનોને મહેરની રૂએ બે લાખ રૂપિયા અને ઇજા પામેલાઓને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ પણ આ દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારજનોને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે, ગત 18મી ડિસેમ્બરે નૌકાદળની એક હોડી એલિફન્ટા તરફ જઇ રહેલ ફેરી બોટ સાથે અથડાતાં 13 લોકોના મોત નિપજ્યાં હતા. 98 મુસાફરોને બચાવી લેવાયા હતા.

# REV NADDA - MEETING

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને આરોગ્ય મંત્રીઓ સાથે આજે વર્ચુઅલી બેઠક યોજીને ક્ષય રોગ નાબૂદી ઝુંબેશને અસરકારક રીતે લાગુ કરવા અંગે ચર્ચા વિચારણા કરી છે. શ્રી નડ્ડાએ બધા જ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ધારાસભ્યોને ક્ષય રોગ નાબૂદી ઝુંબેશ સફળ બનાવવા તેના અમલીકરણ ઉપર દેખરેખ રાખવા અને લોકોને પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો.

# GUJ. HEALTH CARE CENTRE

ગુજરાત સરકારે વિવિધ જિલ્લામાં 24 નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવા સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શ્રી પટેલે કહ્યું હતું કે, રાજ્યના વિવિધ ગામોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને સુવિધાયુક્ત બનાવવા માટે આ જનહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ રાજયમાં કુલ 1 હજાર 499 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.